**રાજકોટનાં મહે ૧૪ માં અધિક ચીફ જયુડીશ્ચલ મેજીસ્ટ્રે સાહેબની કોર્ટ, રાજકોટ**

**ફોજદારી કેસ નંબર : ૩૧૦૪/૨૦૨૦**
**આંક :**

**<u>ફરીયાદી:</u>** શ્રી સરકાર

**::: વિરૂધ્ધ :::**

**<u>આરોપી:</u>** કીરીટભાઈ ચુનીલાલ ગાંધી
ચેતનકુમાર ચંદુલાલ દેસાઈ
હિતેશભાઈ ઈશ્વરભાઈ સુરુ
જીજ્ઞેશ જયંતીલાલ જીવરાજાની

**<u>ગુનો :– જુગારધારા કલમ ૧૨ મુજબ...</u>**
**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ મુજબ ઠરાવ</u>**

**<u>::: ચુકાદો :::</u>**

**૧)..** ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ તારીખ : ૧૯/૦૨/૨૦ . ના રોજ જાહેરમાં પૈસા વડે હારજીતનો જુગાર રમી રેઈડ દરમ્યાન પૈસા અને જુગારનાં સાહીત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

**૨)..** આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સોની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાનો ગુન્હો કબુલ છે. તેવી પુરશીસ આંક– ૫ થી રજુ કરતાં આ અદાલતે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી, છતાં પણ જો તે આ ગુન્હો કબુલ કરશે તો તેને મહતમ સજા થઈ શકે. તે મુજબ સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવી. જેમાં પણ આરોપીને ગુન્હાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે. તેની ખાતરી થયાં બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

**૩)..** આરોપીઓએ ગુન્હાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોઈ તેમજ આરોપીએ અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ હોઈ, પોતાને અહેસાસ થયેલાનું જણાવેલ હોય, સવિશેષ ભવિષ્યમાં આવો ગુનો કદી કરશો નહીં તેવી આ કોર્ટને બાંહેધરી આપી, આ પોતાનો પ્રથમ જ ગુન્હો હોય, યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપીએ ગુન્હાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપીની કબુલાત પુરશીસ વંચાણે લેતાં તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને ધ્યાને લેતાં તેમજ ન્યાયમુર્તિ ડો.જે.એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતાં આ કામમાં આરોપીને હાલના ગુન્હા સબબ સજાની જોગવાઈમાં ન્યુનતમ સજા નિયત કરેલ ન હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુન્હાને તેમજ રજુઆતને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા રહયા જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>::: હુકમ :::</u>**

આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ મુજબ જુગારધારાની કલમ – ૧૨ મુજબનાં ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી આરોપી દિઠ રૂા. ૧૦૦/– (કુલ દંડ ૧૦૦/– ×૪ .= ૪૦૦/–) નો દંડ કરવામાં આવે છે. જે આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરશે તે બદલ તે આરોપીને દિવસ–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા અન્ય મુદ્દામાલની જાહેર હરરાજી કરી ઉપજેલ રકમ સરકારમાં જમા લેવી તેમજ ઉઠતી કોર્ટ સુધી આરોપીઓને કોર્ટમાં બેસવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૨/૦૩/૨૦૨૨

**( પી. કે. રાય )**
૧૪માં અધિક ચીફ જયુડીશ્ચલ મેજી, રાજકોટ
UID GJ01112